# આકાશવાણી ભુજ

સમાચારવાચક: નેહલ ઠક્કર

કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ

તારીખ :૨૭-૧૨-૨૦૨૪ સમય: સાંજે :૦૬.૨૫

---

## પ્રધાનમંત્રી શ્રદ્ધાંજલિ

**પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને આજે મોતીલાલ નેહરુ માર્ગ, ખાતેતેમના નિવાસ સ્થાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. પુષ્પગુચ્છ અર્પણ કરતી વખતે તેમણે શોકની આ ઘડીમાં સ્વર્ગસ્થ નેતાના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોક સભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી કોગ્રેસ અધ્યક્ષ મલિકાર્જુન ખડગે ભૂતપૂર્વ કોગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિતનાં નેતાઓએ પણ મનમોહન સિંહને તેમના નિવાસ સ્થાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.**

REGIONAL NEWS / અશરફ નથવાણી

---

## રાષ્ટ્રીય શોક જાહેર

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંઘના નિધન પર સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. આ સમયગાળા દરમિયાન, દેશભરમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવશે અને કોઈ સરકારી કાર્યક્રમોનું આયોજન નહીં કરાય. ડૉ. સિંઘના

અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાષ્ટ્રીય સન્માન સાથે કરવામાં આવશે. અંતિમ સંસ્કારના દિવસે વિદેશમાં તમામ ભારતીય મિશન અને દૂતાવાસોમાં પણ રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે.ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉક્ટર મનમોહન સિંઘના અવસાન નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ના આજના તમામ કાર્યક્રમો રદ કરાયા હતા.

REGIONAL NEWS

---

## રાજ્ય યોગ બોર્ડ- અરજી

ગુજરાત રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત રચિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગને પ્રોત્સાહન આપવા તથા યોગ બોર્ડ સાથે સંકળાયેલા હોય માત્ર તેવા યોગ કો-ઓર્ડીનેટર, જે અંતર્ગત પાત્રતા ધરાવતા ઉમેદવારો અરજી કરવા માટે સંપૂર્ણ બાયોડેટા સાથે આગામી ૫ જાન્યુઆરી સુધીમાં પ્રતિ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રૂમ નં.૪૧૧, ત્રીજો માળ,બહુમાળી ભવન, ભુજ ખાતે રૂબરૂ અથવા પોસ્ટથી મોકલી આપવા જણાવવામાં આવે છે. અધુરી વિગત વાળી કે સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ જે અંગે પણ ખાસ નોંધ લેશો. વધુ વિગત માટે અત્રેની કચેરીના ૦૨૮૩૨- ૨૨૩૭૭૧ નંબર પર સંપર્ક કરવા જીલ્લા યુવા વિકાસ અધિકારી કચ્છ-ભુજ દ્વારા જણાવાયું છે.

\- માહિતી ખાતુ

---

## મુન્દ્રા અદાણી પોર્ટ

**મુંદરા અદાણી પોર્ટ માં સૌ પ્રથમવાર એલએનજી સંચાલિત કન્ટેનર જહાજ, આવી પહોંચ્યું છે. આ નોંધપાત્ર ઘટના માત્ર મુંદરા પોર્ટ માટે જ નહીં પરંતુ સમગ્ર શિપિંગ ઉદ્યોગ માટે સીમાચિહ્ન સમાન છે. ગત એક માસથી જ દરિયાઈ સેવાઓમાં**

**કાર્યરત આ જહાજ 7,000 કન્ટેનરોની ક્ષમતા અને એલએનજી સંચાલિત જહાજોની શ્રેણીમાં ત્રીજું છે. આ જહાજને આગમન પર જ બર્થ કરવામાં આવ્યું હતું. આ જહાજ મુંદરા પોર્ટ ખાતે 21 મીટર ઊંડાઇ સુધીની ક્ષમતાના જહાજ સહજતાથી લાંગરી શકે છે.**

ન્યુઝ પેપર

---------------------------------------------------------------------

## કચ્છ જલ સંપતિ વિભાગ

**રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગ દ્વારા કચ્છમાં પહોંચનારા નર્મદાના એક મિલિયન એકર ફીટ પાણીના ઉપયોગ માટેનું સુવ્યવસ્થિત આયોજન અગ્રીમતાના ધોરણે હાથ ધરાયું છે. બહુમાળી ભવન ભુજ ક્ષાર અંકુશ વિભાગ દ્વારા સિંચાઇ માટેનાં પાણી પહોંચાડવાની કામગીરી અંતર્ગત મધ્યમ સિંચાઇ યોજનામાં ડેમ અને કેનાલ જાળવણી માટે કચ્છની 20 યોજનામાંથી કુલ્લ સાત યોજના પૈકી લખપતમાં ચાર અને નખત્રાણામાં ત્રણ યોજના કાર્યરત છે. જેના થકી રૂા. 1394.11 કરોડના ખર્ચે અંજાર તાલુકાના ટપ્પર ડેમથી નખત્રાણા તાલુકાના નિરોણા ડેમ સુધી મુખ્ય પાઇપ લાઇન અને ફિડર પાઇપલાઇન દ્વારા પાણી પહોંચાડવામાં આવશે.**

ન્યુઝ પેપર

---

## કલા મહાકુંભ પ્રારંભ

ગુજરાત સરકાર કલામહાકુંભ અંતર્ગત ભુજ તાલુકા કક્ષાનું કલા મહાકુંભનું આયોજન આજે ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬

ઈવેન્ટમાં ૮૪૨ ખેલાડીઓ ભાગ લેશે, જે આજથી આરંભ કરવામાં આવી છે. જેમાં ૧૯ અલગ અલગ કૃતિઓમાં લોકનૃત્ય, કથક ચિત્ર, એકાંકી, એક પાત્રિય અભિનય, નિબંધ સહિતની સ્પર્ધામાં ૮૪૨ રાસ-ગરબા, વિર્ધાથીઓ ભાગ લેવાના છે.જેમાં વય મર્યાદામાં ૯થી ૧૪ વયના બાળકો, ૧૪થી ૩૫ થી ૬૦ થી ઉપર ના લોકોએ ભાગ લીધો હોવાનું જાણવા મળેલ છે.

ન્યુઝ પેપર

---

## મુન્દ્રા નર્મદા નીર ગ્રાન્ટ

દરિયાકાંઠાના અને ક્ષારવાળા ખારા પાણીની વર્ષોથી સમસ્યા ભોગવતા મુંદરા અને સમગ્ર મુંદરા-બારોઈ નગરપાલિકા વિસ્તારના ઘરોમાં પવિત્ર નર્મદા માતાનાં જળ વિતરણની ઘડી નજીક આવી ગઈ છે. મુંદરા- બારોઈ વિસ્તારમાં અમૃત યોજના હેઠળ લગભગ રૂા. ૨૬ કરોડના ખર્ચે નવી પાણીની લાઈનો નાખવાની યોજનાનું કામ પૂર્ણ થવામાં છે ત્યારે જ આ માટે જરૂરી નર્મદાનાં જળ ફાળવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. મુંદરા- બારોઈ નગરપાલિકાને રાજ્ય સરકારે નર્મદા જળ માટે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ને નાણાં ભરવા રૂા. ૩૮ લાખની ખાસ ગ્રાન્ટ મંજૂર કરી દીધી છે અને મુંદરાને પાંચ એમ.એલ.ડી. જળ ફાળવાશે .

ન્યુઝ પેપર

-----------------------------------------------------------------

---

## હવામાન

રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી વચ્ચે ઠંડીનો લઘુતમ પારો ઊંચકાતા ઠંડીમાં આંશિક રાહત ફેલાઈ છે ભુજમાં આજે પણ લઘુતમ તાપમાન 11. 8 ડિગ્રીએ જળવાયેલું રહ્યુ છે. જ્યારે વાતાવરણ ધૂંધણું બની

રહેતા ઠંડક પણ યથાવત રહેતા તેની જનજીવન પણ અસર વર્તાઈ રહી છે. નલિયામાં લઘુતમ તાપમાન ઉપર આવતા 16 દિવસ બાદ ઠંડીનો પારો 10.5 ડીગ્રી સાથે ડબલ ડિજિટે પહોંચ્યો છે.

ન્યુઝ પેપર

---

------------------------------------------------------------------------------------------